# પાલનપુરમાં નકલી નોટો ઘુસાડવાના ષડ્યંત્રનો પર્દાફાશ

## ૧૦૦ના દરની ૪૫૭ નોટો સાથે ઉત્તરપ્રદેશના ચાર શખ્સોની અટકાયત કરાઈ : પોલીસે બાતમીના આધારે અડધી રાત્રે ઓપરેશન હાથ ધરી નકલી નોટો ઝડપી

પાલનપુર

પાલનપુર સહીત બનાસકાંઠા જિલ્લા માં રૂ.૧૦૦ ના દર ની નકલી નોટો બજારમાં ઘુસાડવાના ષડયંત્રનો શહેર પૂર્વ પોલીસ ની ટીમે પર્દાફાશ કર્યો છે અને રૂ.૧૦૦ ની ૪૫૭ નોટો સાથે ઉત્તરપ્રદેશના ચાર શખ્સોની અટકાયત કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં ઉત્તર પ્રદેશના મેરઠના કેટલાક શખ્સો રૂ.૧૦૦ ના દરની નકલી નોટો બજાર માં ઘુસાડવાનું ષડ્યંત્ર ચલાવી રહ્યા હોવાની ખાનગી બાતમીના આધારે શહેર પૂર્વ પોલીસ ની ટીમે ગુરુવાર ની રાત્રે અઢી વાગે સર્ચ ઓપરેશન હાથ ધરી ને એક જ જગ્યાએ થી રૂ.૪૫૭૦૦ની ૧૦૦ ના દરની ૪૫૭ નકલી નોટો સાથે મેરઠના ચાર શખ્સો ને દબોચા લીધા હતા. ક્ષૂધાશાનતી રોજ માંથી જોકે પોલીસ પુછ પરછ માં આ ઈસમો એક લાખ ની ૧૦૦ ના દરની નકલી નોટો લઈને આવ્યા હતા .અને નાની દુકાન,પાનના ગલ્લા શાકભાજી ની લારી જેવી જગ્યાએ ૧૦૦ના દર ની નોટ આપી દશ રૂપિયાની ખરીદી બાકીના ૯૦ રૂપિયા વસૂલી નકલી નોટો બજાર માં ઘુસાડવાનું યોજનાબદ્ધ ષડ્યંત્ર ચલાવી રહ્યા હતા જે ષડ્યંત્ર નો પોલીસે પર્દાફાશ કરી ચાર ઈસમોને ઝડપી પાડી તેમને કસ્ટડીના હવાલે કર્યા છે.





# ઉત્તર ગુજરાતના ૮૦૦૦ પ્રાથમિક શિક્ષકો જૂની પેન્શન યોજના લાગુ કરવાની તરફેણમાં

## રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા મુખ્યમંત્રીને રજૂઆત

બાયડ, તા. ૨૬

રાજ્યમાં શિક્ષકો અને કર્મચારીઓ જૂની પેન્શન યોજના લાગુ કરવા તેમના સંગઠન મારફતે છેલ્લા ૫ વર્ષથી રજુઆત કરી રહ્યા છે. રાજસ્થાન સરકારે જૂની પેન્શન યોજના આપવાની જાહેરાત કરવાની સાથે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વર્ષ-૨૦૦૫, એપ્રિલ પછી નિમણૂંક થયેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી છે. ઉત્તર ગુજરાતના ૮૦૦૦ થી વધુ પ્રા. શિક્ષકો જૂની પેન્શન યોજના લાગુ થયા તેની ચાતક નજરે રાહ જોઈને બેઠા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તા. ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલાં નિમણૂંક પામેલા અને પુરા પગારમાં આવેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે છે પરંતુ તા. ૧ એપ્રિલ, ૨૦૦૫ પછી નિમણૂંક પામેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ ન મળતાં પ્રા. શિક્ષકો સહિત અન્ય કર્મચારીઓમાં લાંબા સમયથી રોષ પ્રવર્તિ રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના પ્રા. શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા વખતોવખત રાજ્ય સંઘ મારફતે સરકારમાં રજૂઆતો થતી આવી છે અને સરકારે આ મુદ્દે સાંત્વના આપ્યા પછી પણ ૧ એપ્રિલ, ૨૦૦૫ પછી નિમણૂંક પામેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપ્યો નથી. જૂની પેન્શન યોજના દાખલ કરવા અગાઉ દેશવ્યાપી જંગ પણ છેડવામાં આવ્યો હતો. ત્યારે રાજસ્થાન સરકારે જૂની પેન્શન યોજના આપવાની જાહેરાત કરતા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલ વગેરેએ મુખ્યમંત્રીને જૂની પેન્શન યોજના ચાલુ કરાવવા મુખ્યમંત્રીને રજુઆત કરી છે. જૂની પેન્શન યોજના સરકાર સત્વરે લાગુ નહિ કરે તો આગામી દિવસોમાં સરકાર સામે શિક્ષકો સહિત અન્ય કર્મચારીઓ જૂની પેન્શન યોજનાના અમલ માટે આંદોલન કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.

### નવી પેન્શન નીતિમાં મરણ પછી કોઈ લાભ નથી : પ્રાથમિક શિક્ષકો

સરકાર દ્વારા તા. ૧ એપ્રિલ, ૨૦૦૫ પછી નિમણૂંક પામેલા પ્રા. શિક્ષકો અને કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના બંધ કરી નવી પેન્શન યોજના ચાલુ કરી છે પરંતુ પ્રા. શિક્ષકો જૂની પેન્શન યોજનાનો લાભ આપવા લાંબા સમયથી માંગ કરી રહ્યા છે. નવી પેન્શન નીતિમાં કર્મચારીના મરણ પછી પરીવારજનોને કોઈ લાભ મળતો ન હોવાનો આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે.

# જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનેથી કેરોસીનનું વિતરણ બંધ થવાની તૈયારીમાં

## વિતરણના જથ્થામાં મુકાતો જતો કાપ, ૪૦ હજારથી વધુ પરિવારોની મુશ્કેલી વધશે

બાયડ, તા. ૨૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનથી વિતરણ થતું કેરોસીન હવે બંધ થવાની તૈયારી છે. કેરોસીનના ભાવમાં અગાઉ વધારો થયા પછી વિતરણના જથ્થામાં પણ કાપ મુકાઈ રહ્યો છે. પુરવઠા વિભાગનો માનીએ તો સરકાર દ્વારા કેરોસીનનું વિતરણ કાયમી ધોરણે બંધ કરવાની તૈયારી થઈ રહી છે. એક તરફ રાંધણ ગેસના ભાવ સતત વધી રહ્યા છે. ત્યાં હવે કેરોસીન બંધ થશે તો બન્ને જિલ્લાના ૪૦ હજારથી વધુ ગરીબ પરિવારોની હાલત કફોડી બની શકે છે.

જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આવેલી વ્યાજબી ભાવની દુકાનોથી ગરીબરેખા હેઠળ આવતા જરૂરીયાતમંદ પરિવારોને વ્યાજબી ભાવની દુકાનેથી રેશનીંગનો જથ્થો આપવામાં આવી રહ્યો છે. પરંતુ હવેથી ફાળવવામાં આવતું કેરોસીન કાયમી ધોરણે બંધ થવાના સંકેત મળ્યા છે. પુરવઠા વિભાગમાં અંદર ખાને હવે વ્યાજબી ભાવની દુકાનેથી કેરોસીનનું વિતરણ બંધ કરવાના ભાગરૂપે જાહેર વિતરણના જથ્થામાં કાપ મુકી કાર્ડની સંખ્યા ઘટાડવામાં આવી રહી છે. પુરવઠા વિભાગ આ મુદ્દે ખુલીને કંઈપણ કહેવા તૈયાર નથી જેથી કાયમી કેરોસીનનું વિતરણ બંધ કરવામાં આવશે તો મોંઘવારીમાં પીસાતા ગરીબ પરિવારો મુશ્કેલીમાં મુકાશે. જિલ્લામાં રાંધણગેસના ભાવ વધી રહ્યા હોવાથી તેનો ઉપયોગ ગરીબ-મધ્યમ વર્ગના પરિવારોને પોસાય તેમ ન હોવાથી વ્યાજબી ભાવની દુકાનેથી જો કેરોસીનનું વિતરણ કાયમી ધોરણે બંધ થયું તો આવા પરિવારની હાલત વધુ મુશ્કેલીરૂપ બની શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી સરકારે પુરવઠા વિભાગને અંદરખાને કેરોસીનના વિતરણમાં ક્રમશઃ ઘટાડો કરવાની સૂચના આપતાં તંત્ર તેનું પાલન કરવામાં લાગ્યું છે.

### કેરોસીન માટે કાર્ડ ઘટાડવાની સૂચના : નાયબ પુરવઠા મામલતદાર

વ્યાજબી ભાવની દુકાનેથી કેરોસીનનું કાયમી વિતરણ બંધ કરવાની હિલચાલ આખરી તબક્કામાં છે. અરવલ્લી જિલ્લા નાયબ પુરવઠા મામલતદાર હાર્દિકભાઈ પટેલે જણાવ્યુ કે કેરોસીન માટે ઉચ્ચકક્ષાએથી હાલ કાર્ડની સંખ્યા ઘટાડવાની સૂચના મળી છે.

### કેરોસીનના બદલે ગેસ તરફ વાળવાનો પ્લાન

કેરોસીનના ઉપયોગથી પ્રદૂષણ ફેલાતું હોય છે. જેના કારણે સરકારે વ્યાજબી ભાવની દુકાનેથી વિતરણ થતું કેરોસીન કાયમી ધોરણે બંધ કરવાનો મનસુબો બનાવ્યો જેમાં ગરીબ કાર્ડ ધારકોને હવે કેરોસીનના બદલે ગેસ ઉપયોગ તરફ વાળવાનો પ્લાન તૈયાર કરાયાનું સૂત્રો જણાવી રહ્યા છે.

# પાલનપુર પાલિકાની સાધારણ સભામાં અશાંતધારા લાગુ કરવા ઠરાવ કરાયો

## શાસક પક્ષ વિકાસમાં નિષ્ફળ અને હિંદુત્વના નામે ચૂંટણી લડવા માંગતો હોવાના આક્ષેપ કરાયા : મિલકત વેરામાં દંડ,વ્યાજ અને નોટિસ ફી માફી અંગે સર્વાનુમતે ઠરાવ કરાયો

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા મળી હતી જેમાં વિપક્ષ કોંગ્રેસના ઉગ્ર વિરોધ વચ્ચે શાસક પક્ષ દ્વારા બહુમતીના જોરે શહેરના વિવિધ વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવા ઠરાવ કરાયો હતો જ્યારે મિલકત વેરામાં દંડ,વ્યાજ અને નોટિસ ફીમાં માફી આપવાનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવેલ. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની શુક્રવારે રોજ સાંજે પાલીકાના સભા ખંડમાં પાલિકા પ્રમુખ હેતલબેન રાવલના અધ્યક્ષ સ્થાને સાધારણ સભા મળી હતી. જેમાં આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક યોજના અંતર્ગત શહેરના મિલકત ધારકોના હીતને ધ્યાને રાખી મિલકત ધારકોને વેરામાં દંડ, વ્યાજ અને નોટિસ ફીમાં માફી આપવા સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.



તેમજ તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૧ ના નગરપાલિકાની કારોબારી બેઠકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા ઠરાવ કરાયો હતો જે ઠરાવ નો વિપક્ષ કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવતા શાસક પક્ષે બહુમતીના બળે અશાંતધારાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. અને સભા ગણતરીની મિનિટમાં સમેટી લેવામાં આવતા વિપક્ષમાં નેતા અંકિતા ઠાકોરે શાસક પક્ષ ભાજપ વિકાસના નિષ્ફળ જતા હિંદુત્વના ના નામે આગામી વિધાનસભાની ચૂંટણી લડવા માંગતી હોવાના આક્ષેપ લગાવ્યા હતા.

# કોંગ્રેસમાં ગાબડુ ખેડબ્રહ્મા પાલિકા પ્રમુખ સહિત સદસ્યો ભાજપમાં જોડાયા

બાયડ તા.૨૬

આજરોજ હિંમતનગર ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય માં જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ, જિલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય ની ઉપસ્થિતિમાં ખેડબ્રહ્મા પાલિકા પ્રમુખ સહિત કેટલાક કોંગ્રેસના સા સદસ્યો ભાજપ માં જોડાયા હતા જેમાં સાગરકુમાર પોપટભાઈ પટેલ - ખેડબ્રહ્મા નગરપાલિકા પ્રમુખ, વણઝારા ઈશ્વરભાઈ બાબુભાઈ - ખેડબ્રહ્મા નગરપાલિકા દિવાબત્તી ચેરમેન પ્રજાપતિ મીનાબેન ભાગચંદ ભાઈ- ખેડબ્રહ્મા નગરપાલિકા ટાઉન હોલ સમિતિ ચેરમેન, સોની પુષ્પાબેન પુખરાજ ભાઈ - ગુમાસ્તાધારા સમિતિ ચેરમેન ખેડબ્રહ્મા નગરપાલિકા નાઓ ભાજપમાં જોડાયા. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, કનુભાઈ પટેલ, તેમજ સાબરડેરીના ડિરેક્ટર બ્રિજેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાળા પૂર્વે વીજળીનાં રીસામણાં

## મેઢાસણ ફીડરના ગામોમાં વિજ ધાંધીયા શરૂ : રાત્રે રસોઈ બનાવવા સમયે વિજળી ડુલ થતાં રોષ

બાયડ, તા. ૨૬

મોડાસા તાલુકાના મેઢાસણ ફીડરના ગામડાઓમાં હમણાંથી વિજ ધાંધીયા શરૂ થયા છે. રાત્રે રસોઈ બનાવવા સમયે વિજળી ડુલ થતી હોવાથી ગૃહિણીઓ સાથે પંથકની પ્રજામાં વિજતંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

ઉનાળાની હજુ શરૂઆત થઈ નથી ત્યાં જ્યોતિ ગ્રામ યોજનામાં સમાવિષ્ટ ગામડાઓમાં વિજળી વેરણ થવા લાગી છે. કેટલાક વિસ્તારોમાં વીજલોડના નામે વિજ પુરવઠો ગમે ત્યારે ખોરવાઈ જતો છે. જ્યારે ૨૪ કલાક વિજળીના દાવા વચ્ચે મેઢાસણ ફીડરમાં આવતા જ્યોતિગ્રામ યોજનાના ગામોમાં છેલ્લા કેટલાક સમયથી સાંજના સમયે વિજ પુરવઠો ગાયબ થવા લાગ્યો છે.

મહિલાઓ રસોઈની તૈયારીઓ આરંભે તે સમયે વિજળી ડુલ થવા લાગી છે. ઉનાળા પૂર્વે મેઢાસણ, ટીંટીસર, સજાપુર, સરડોઈ સહિતના વિસ્તારોમાં રાત્રે ઓચીંતો વિજ પુરવઠો ખોરવાઈ જતો હોવાથી તંત્ર સામે રોષ આકાર લઈ રહ્યો છે. ગરમીના દિવસોમાં એ.સી., પંખા ધમધમતા થાય એટલે વિજલોડ વધી શકે તે માની શકાય પરંતુ હજુ તો ઉનાળો માથે બેઠો નથી ત્યાં અત્યારથી ગ્રામ વિસ્તારોમાં વિજળીના રીસામણાં શરૂ થયાં છે. જ્યારે ફીડરમાં આવતા કેટલાક ગામડાઓમાં તો તંત્રની મંજૂરી વગર વિજલોડનો વપરાશ થતો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે જેથી વીજતંત્ર દ્વારા જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામડાઓમાં ૨૪ કલાક વિજ પુરવઠો મળતો હતો તેમાં હવે કેમ ધાંધીયા શરૂ થયા છે તેની તપાસ કરવી જોઈએ.

# જિલ્લામાં ખેતી વિષયક વીજળી આપવામાં દિવસે ધાંધીયા શરૂ થતાં ખેડૂતોમાં રોષ

## ૮ કલાકના બદલે માત્ર ૩ થી ૫ કલાક વીજળી મળતી હોવાનો ખેડૂતોનો આરોપ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ ઉનાળુ વાવેતર શરૂ કર્યુ છે પરંતુ પ્રારંભે જ વીજ ધાંધીયા શરૂ થતાં ખેડૂતોમાં રોષ જોવા મળ્યો છે. દિવસે અપાતા વીજ પુરવઠામાં ભારે અનિયમિતતા હોવાના આરોપ લાગ્યા છે. હજું ઉનાળો શરૂ થયો નથી અને આ રીતે વીજ ધાંધીયા શરૂ થતાં આકરા ઉનાળામાં ખેતી વિષયક વીજ પુરવઠો મળશે કે કેમ ? તેવા આરોપ લાગ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ચોમાસા દરમ્યાન જિલ્લામાં ઓછા વરસાદના કારણે પાણીના પોકારો શરૂ થયા છે. મોટાભાગના તળાવ, ચેકડેમ સુકાઈ ગયા છે. જળસ્ત્રોત ઉંડા ઉતરતાં બોરવેલ અને કૂવામાં જળ ભંડાર આવતા એકાદ બે મહિનામાં અદ્રશ્ય નહિ થઈ જાય ને તેવી ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. રાજ્યના ઉર્જા વિભાગ દ્વારા ખેડૂતોને સમયપત્રક પ્રમાણે ૮ કલાક વીજપુરકવઠો આપવાની સરકારે જાહેરાત કરી છે ત્યારે અરવલ્લી જિલ્લાના કેટલાંક ગામડાઓમાં દિવસે અપાતાં વીજ પુરવઠામાં સળંગ ૮ કલાક વીજ પુરવઠો આપવાના બદલે માત્ર ૩ થી ૫ કલાક વીજ પુરવઠો મળતાં ખેડૂતોને બોર કૂવામાં પાણી છતાં વાવેતર ઘટાડવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. વારંવાર ખેતી વિષયક વીજ પુરવઠો ખોરવાઈ રહ્યો છે અને આ અંગે વીજતંત્રનું ધ્યાન દોરવા છતાં તેનો કોઈ હકારાત્મક ઉકેલ આવ્યો નથી. ખેડૂત કનુભાઈ પી. પટેલના જણાવ્યા અનુસાર દિવસે અપાતાં વીજ પુરવઠામાં ધાંધીયા શરૂ થયા છે જેથી ખેડૂતો પરેશાન બની ગયા છે અને રાજ્ય સરકાર તેમજ ઉર્જા વિભાગની છબી ખરડાઈ રહી છે. વારંવાર વીજપુરવઠો ખોરવાતાં ખેડૂતો અને ખેતમજૂરો પણ છેલ્લી હદે ત્રાસી ઉઠ્યા છે. હજુ તો ફેબ્રુઆરી મહિનો પુરો થયો નથી ને હવે વીજ પુરવઠામાં અનિયમીતતા શરૂ થઈ છે ત્યારે આકરા ઉનાળામાં આ રીતના વીજ ધાંધીયા ચાલુ રહે તો ખેડૂતોનું ઉનાળુ વાવેતર સુકાઈ જવાની સાથે ખેડૂતો બરબાદ થઈ જાય તેવો ભય વ્યક્ત કર્યો છે.

# હિંમતનગર આડાહાથરોલના મનીષભાઈનું પ્રધાનમંત્રી આવાસ યોજના થકી 'ઘરના ઘરનું' સ્વપ્ન સાકાર થયુ

## સફાઇ કામદાર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે

બાયડ તા.૨૬

સાબરકાંઠાના હિંમતનગરના આડાહાથરોલના વતની મનીષભાઇ કચરાભાઇ રાઠોડને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન સહાય મળવાથી તેમનુ ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનુ સ્વપ્ન છે કે દેશના દરેક નાગરીકનું પોતાનુ પાકુ મકાન હોય. જે અંતર્ગત પ્રધાનમંત્રી ગ્રામિણ આવાસ યોજના અમલી બનાવી, કેન્દ્ર સરકાર ગ્રામીણ વિસ્તારના આર્થિક રીતે નબળા વર્ગને પોતાનું પાકું મકાન બનાવવા માટે આર્થિક સહાય પૂરી પાડી રહી છે.

મનીષભાઇ કચરાભાઇ રાઠોડ જણાવે છે કે તેમને પ્રધાનમંત્રી આવાસ અંતર્ગત કુલ રૂ. એક લાખ વીસ હજારની સહાય મળી છે. જેથી તેઓ પોતાના પરિવારના સાત સભ્યો સાથે પોતાને મળેલા નવા મકાનમાં શાંતિથી રહે છે. તેમને ઘર બનાવવાની ચિંતા પૂરી થઈ છે. વધુમાં જણાવે છે કે, મારા પિતાએ વર્ષ ૧૯૯૩-૯૪ દરમિયાન કાચુ મકાન બનાવ્યુ હતુ. હું પરીવાર સાથે નળિયાવારા કાચા મકાનમાં રહેતો હતો. આ કાચા મકાનમાં ચોમાસા અને વાવાઝોડા દરમિયાન વરસાદનું પાણી ઘરમાં ભરાઈ જતું હતું. સાથે મકાન પડી જવાનો ભય રહેતો હતો. વરસાદમાં અમારી ઘર વખરી પલળી જતી જેથી ઘણી તકલીફોનો સામનો કરવો પડતો હતો.

મનીષભાઈ પહેલા દરજીકામ કરતા હતા. છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત પોલિસ અકાડમી,ગાંધીનગર ખાતે કરાર પર સફાઈકામદાર તરીકે ફરઝ બજાવે છું. સફાઈકામદાર તરીકે કામ કરીને આજીવિકા મેળવનાર માણસ હોઈ તેઓ જણાવે છે કે, અમારા જેવા ગરીબ માણસ માટે પાકું મકાન એતો સ્વપ્ન સમાન છે. અમારા ગ્રામસેવક અને તલાટીશ્રીએ પાસેથી પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના વિશેની માહિતી મેળવી તેમજ તેમના જણાવ્યા અનુસાર સાધનિક કાગળીયા કરી અરજી કરી જેથી મકાન મંજુર થતા અમારા ખાતામાં પ્રથમ હપ્તો રૂપિયા ૩૦,૦૦૦/- જમા થયો. આ રકમ મળતા જ અમારે લિંટલ સુધીનું કામ પૂર્ણ કર્યુ. ત્યારબાદ બીજો હપ્તો ૫૦,૦૦૦/- મળતા ધાબા સુધીનું કામ કર્યુ. પછી ત્રીજો હપ્તો ૪૦,૦૦૦/- મળતા અમારું મકાનનું કામ સમ્પુર્ણ પણે પૂર્ણ થયું. પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના અંતર્ગત અમને કુલ ૧,૨૦,૦૦૦/-ની મકાન સહાય મળી છે.

નવું પાકું મકાન બનવાથી કુટુંબ સાથે શાંતિથી રહીયે છીએ..પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના અંતર્ગત અમને આ લાભ આપવા બદલ હું અને મારો પરિવાર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર માનીયે છીએ.